Research Review ISSN : 2321- 4708
The Refereed & Peer Review International Journal July 2019, Year - 6 (75)
www.researchreviewonline.com Paper ID : RRJ000010

# આદિવાસી સમાજનો ઈતિહાસ : અસારી જ્ઞાતિના સંદર્ભે

સંશોધક
**વાળા હસમુખભાઈ જીવાભાઈ**
(B.A. Gold Medalist – Saurashtra University, Rajkot) (M.A),

---

આદિમ સંસ્કૃતિ જ માનવ સંસ્કૃતિનું મુળ છે. એક કાળે સમગ્ર જીવસૃષ્ટિનો તટ જંગલોથી ભરપુર હતો. માત્ર રણપ્રદેશ અને પથ્થરની અફાટ શીલાવાળો વિસ્તાર જ જંગલો વિનાના હતા. સમગ્ર જીવસૃષ્ટિ કાં તો જળમાં અથવા તો જંગલોમાં જ વસ્તી અને વિચરતી ધીમે ધીમે ઝરણા નદી નાળા યા સાગર તટ પર માનવ સંસ્કૃતિ સ્થિર થઈ જંગલોની ઝાડી દુર કરી હોય અને કૃષિ વસવાટો વધવા લાગ્યા પણ તે સદા જંગલોથી ઘેરાયેલા રહેતા અને પથરાયેલા જ રહેતા. આમ, સંસ્કૃતિનો વિકાસ સ્થાનિક જંગલ જીવનને અનુરૂપ જ વિકસતો રહ્યો.

આદિ–અનાદિ કાળની પ્રાદેશિક તથા વંશપરંપરાગત પ્રજાઓ સમયના વહેણ સાથે પ્રાદેશિકતા મુજબ જુદી પડતી છતા એક તત્વમાં ભિન્નતામાં સમાનતા યથારૂપ જળવાઈ રહી. બીજી તરફ નગર અને ગ્રામ સંસ્કૃતિ સંગઠીત રીતે વિકસતી ગઈ છે અને ભારતમાં તો વર્ણ વ્યવસ્થાની ઘેરી અસરથી અલીપ્ત ગુણો દાખવી રહી તે વર્ણ વ્યવસ્થાની તથા આશ્રમ સંસ્કૃતિવાળા કહેવાયા અને બાળકીના આર્યો–અનાર્થે તથા આર્યેતર અને દ્રવિડ સંસ્કૃતિના ધારક બન્યા પણ આ બધી જ સંસ્કૃતિ અનાર્થ કે આદિમ જૂથના હોય તે બધામાના આદિમાનવ સંસ્કૃતિમાંથી જ વિકસેલા સ્વરૂપે જણાય છે.

ભારતમાં જુદા જુદા રાજયોમાં ઘણી બધી આદિવાસી જાતિઓ વસે છે. તેમાં ભીલ, દુબળા, ખાસી, ગારો, અસારી, બરંડા, બલાત, ગામીત, ગામેતી, મોડીયા, નિનામાં, તબિયાર, મેણાત, ડામોર વગેરે જાતિઓ વસે છે. કોઈપણ કુદરતી અકુદરતી થતા શતશકિત ન સમજાય તો તેનું નિર્દૂપણ કોઈપણ પદાર્થ, ગૃહ, વૃક્ષો વગેરેમાં કરવુ અનંત પરાશકિતનું ઉદભગમ સ્થાન પદાર્થ પોતે જ છે. અથવા તેમાં પરાશકિત વહે છે. એવી માન્યતાઓ વિકસતી જોવા મળે છે. કાળાંતરે તેમની શ્રધ્ધા, અંધશ્રધ્ધા તેમાં રહેલી દૈવિક અદૈવિક તત્વોની માન્યતા વ્યકત કરતા સ્વરૂપો દેશકાળે પ્રમાણે જુદી જુદી રીતે વિકસતા અને નષ્ટ થતા જોવા મળે છે.

ભારતમાં વૈદિક કાળની પ્રજાઓ દૈવિક–અદૈવિક શકિતઓ આવરી લઈ આધ્યાત્મિકતા અને તત્વજ્ઞાનમાં વણીને વિકસાવી આ આદિમ સંસ્કૃતિમાં જ આજના વર્તમાન ધર્મો, સંસ્કૃતિ, કર્મકાંડ, રીત–રિવાજો વગેરેના મૂળ રૂધાયેલા છે.

**અસારી જ્ઞાતિનો ઈતિહાસ :**

અસારી જાતિ ગુજરાત રાજયમાં સાબરકાંઠા જિલ્લામાં જોવા મળે છે. જેમાં ભીલોડા તાલુકામાં બાવળીયા, ટાકાટુકા, રાયસીંગપુર, લીમડા, ભટેળા, ચોરીમાલા, હાથરોલ, વિજયનગર, જોધપુર, કમઠાડિયા, ધોલવાણી વગેરે ગામોમાં આ જાતિના લોકો વસે છે. આદિવાસી સર્વેક્ષણ મુજબ સૈકાથી વધુ શિક્ષણ અસારી જ્ઞાતિમાં છે. અસારી જાતિની ઉત્પતિ વિશે અનેક મત–મતાંતરો પ્રવર્તે છે. કેટલાક યદુકાળના અનેક મતો જોવા મળે છે. કેટલાક દ્રવિડ જાતિના તો કોઈક અંશે દક્ષિણમાંથી સ્થળાંતર કરીને આવ્યા હોવાનું માને છે. તો કેટલાક પ્રાચિન ભારતમાં આદિવાસી હોવાનું માને છે.

**માનવવંશના અનેકવિધ વર્ગીકરણ :**

**ઈતિહાસકારો :**

ઈતિહાસકારોએ માનવ વંશનો વિકાસની દ્રષ્ટિએ પણ ઐતિહાસિક કાળના માનવોને વન–માનવ પછીના ઉતરતા અનુક્રમે શિકારી અવસ્થા, પથ્થર યુગના માનવી, લોહ યુગના માનવી, તામ્ર યુગના માનવી વગેરે પ્રમાણે વર્ગીકરણ કરતા આવ્યા છે.

**વસવાટને આધારે વર્ગીકરણ :**

કેટલાક નૃવશ શાસ્ત્રીઓએ વસવાટના આધાર ઉપર જાતિઓના ચાર રીતે વર્ગીકરણ કરેલુ છે.

૧) જંગલો અને ડુંગરોમાં તદ્દન પ્રાથમિક કક્ષાનું જીવન જીવતા વર્ગો છે. જે માપ કંદમૂળ અને જંગલો પેદાશો ઉપર જીવન નિર્વાહ કરે છે તથા જંગલોના સૂકા ઘાસવાળી તેમજ છાણવાળી દાણા નાખી ધાન પકવે છે અને કરી બે ચાર વર્ષ પછી આ સ્થળ બદલે જેને અંગ્રેજીમાં સીફટીંગ કલ્ટીવેશન કહે છે.

૨) બીજો વર્ગ જંગલોમાં પણ ખેતી ઉપર નભતો અને અન્ય સમાજના સંપર્કમાં આવેલો આદિમ જાતિનો વર્ગ જેને ધર્મ યા અંશતઃ મિશ્ર થયેલ વર્ગ કે જેને સેમી એસી લિમીટેડ ટ્રાયબલ કહેવામાં આવે છે.

૩) ત્રીજો વર્ગ એવો પછાત છે કે જે કલ્યાણી તરીકે ઓળખાય છે. તેઓ જીવન–ર્વિાહ માટે ઘરને તાળુ લગાવીને દુર દુર આવેલા ઈટના ભઠ્ઠામાં તથા શહેરીના કામ કરી જીવન નિર્વાહ ચલાવતા હતા.

૪) ચોથો વર્ગ એવો કે અન્ય સમાજોની સાથે વસતો અને બાહ્ય સમાજોની સાથે ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોમાં વસતો વર્ગ અને ખેતી તથા અન્ય વ્યવસાયમાં વ્યસ્ત એવો આદિમ જૂથનો વર્ગ છે.

**આદિવાસીઓમાં વંશ પરંપરાગત દેવ–દેવીઓની પૂજા :**

ભારત વર્ષમાં આદિવાસીઓની પૂજાને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યુ છે. પૂજાનો મહિમાં પ્રાચિન કાળથી થતો આવ્યો છે. તેમનામાં કેટલીક અંધશ્રધ્ધાઓ ઘર કરી છે. ખૂબ જ મગ્ન બની પૂજા માટે બે બાકળા બનતા આદિવાસીઓ તન–મન–ધન સર્વસ્વ લૂંટાવી દેવ–દેવીઓની પૂજા અર્ચના કરે છે. આદિવાસી નાગદેવ–દેવી, મગર દેવ, વાઘ દેવ, નદી, દેવલ ભાડી, અંબા માતા, ધરતી માતા તેમજ હનુમાનજી તથા પ્રકૃતિ, સૂર્ય, ચંદ્ર, ધરતી, વિજળી, મેઘની પૂજા અર્ચના માનતા જુદી જુદી વિપદા માટે કરે છે.

**૧) કનસરી દેવ, અન્ન દેવી :**

કનસરી દેવીની પૂજા, અનાજ ધાન્યની બરકત માટે, અસારી, બરંડા, મોડિયા, ગામેતી, ભગોરા, બલાત વગેરે અનેક પ્રકારના આદિવાસીઓ પૂજા કરે છે પણ રીતમાં થોડા ઘણા અંશે ફેરફાર જોવા મળે છે. દરેક ઘરમાં કનસરી માતાની સ્થાપના કરી વાંસની ટોપલી ભાલ (ડાંગર) ભરવા માટેની કોઠી ઉપર માતાની મૂર્તિ બેસાડીને તેની પૂજા કરે છે. ચોમાસાના સમય પછી અનાજ ધાન્યને ખેતરમાંથી ખેતીમાં પણ ઢંગ કરવામાં આવે છે. ત્યારે ભગત જુવાને બોલાવી તેની પૂજા અર્ચના કરે છે. આમ, માતાજીને રીઝવે છે.

**૨) હોમ હવન વિધિ :**

ઉત્તર ગુજરાતમાં ગામડે–ગામડે હવન કરવાની પ્રથા પ્રચલિત છે. મુખ્યત્વે જયા ગામ દેવીની સ્થાપના કરી હોય અથવા ગામના ગોંદરે આફત આવી હોય વરસાદ ન પડે અથવા સમયસર ન આવે તેવા સમયે ગામના બધા લોકો ભેગા મળી ભગત–ભુવા પાસે ગામ દેવીની હોમ હવન દ્વારા પૂજા કરે છે.હોમ હવનના સમયે ગામ લોકો મજુરોને કેટલી રોજી ચુકવવી, હળ હાંકનારને શું મજુરી આપવી તે નકકી કરે છે. આમ, ઉત્તર ગુજરાતના બધા જ આદિવાસીઓ પૂજા કરતા હોય છે.

**૩) આદિવાસીઓના નૃત્યો :**

સાબરકાંઠા જિલ્લાના આદિવાસીઓ અનેક પ્રકારના નૃત્યો કરતા જોવા મળે છે. જાણે ભારત લોકસંગીતનું સંગ્રહાલય છે. સંગીત પરંપરાનું વૈવિધ્ય અને તેની વિપુલતા એ જ ભારતની વિશેષતા છે.

આપણી સંસ્કૃતિ ઉપર થયેલી પર સંસ્કૃતિની અસર લોક સંગીતમાં આજે પણ જોવા મળે છે.આદિવાસીઓના લોક નૃત્યમાં લોકવાદ્યો, લોકગીતો કે લોકવાદ્ય બહુજન સમાજનો ખ્યાલ આપે છે. લોકવાદ્યો એટલે જે તે પ્રદેશમાં બહુજન સમાજ દ્વારા વગાડાતા વાદ્ય તેમજ કાકર્યા નૃત્ય, ઢોલક, માદળ નૃત્ય, ઢાકા નૃત્ય, ભાયા નૃત્ય (ડુંગર દેવ નૃત્ય) થાળી વાહન, પાવરી નૃત્ય, કહાળીયા નૃત્ય વગેરે અનેક પ્રકારના આદિવાસીઓમાં નૃત્યો આજે પણ જોવા મળે છે.

**આદિવાસીઓના ઉત્સવો અને પર્વ :**

મનુષ્ય સ્વભાવથી જ આનંદ પ્રિય પ્રાણી છે. ચીલા જેમ ચાલતા આ માનવ જીવનમાં તહેવારો, ઉત્સવો, આનંદનું નિર્માણ કરી મનુષ્ય જીવનને અતિ ઉત્સાહી બનાવે છે. લોકોની સામાજિક, સાંસ્કૃતિક તથા ધાર્મિક ધારણાઓ પર તહેવારો સારો એવો પ્રકાશ પાડે છે. આમ, મનુષ્યને પોતાના દુઃખ ભુલી જવા માટે આનંદ કરવા માટે ખરેખર તહેવારો મહાપર્વરૂપ છે.

**૧) હોળી :**

જંગલમય વિસ્તાર હોવાથી લાકડાની અછત નથી. એટલે ગામડે ગામડે મોટી હોળીઓ પ્રગટાવાય છે. આદિવાસીઓ મૂહર્ત જોઈને જ હોળી પ્રગટાવે છે. જે જેને હોળીબાઈનું લગ્ન પણ કહેવાય છે અને ગીત ગાઈને ડુંગર માવલીને હોળી બાઈને લગ્ન પ્રસંગે હાજર રહેવા વિનંતી કરે છે. ત્યારબાદ જ સ્ત્રીઓ, પુરૂષો એકમેકની કમરમાં હાથ નાખીને કુંડાણામાં નાચતા ગીતો ગાતા આખી રાત પણ પસાર કરે છે. હોળીના ગીતો ખૂબ ઓછી સંખ્યામાં છે. જે ગીતો એક સૂરમાં ગવાય છે. આ હોળી ગીત ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં વધારે પ્રચલિત છે.

**૨) અખાત્રીજ :**

વૈશાખ સુદ ત્રીજને આદિવાસીઓ અક્ષય તૃતિયા અખાત્રીજ કહે છે. આ તહેવાર ખાસ કરીને 'અસારી' તેમજ બરંડા, મોડિયા, ભગોરા, બલાત વગેરે જાતિના લોકો પણ ઉજવે છે.

આમ, ખરેખર અખાત્રીજ એટલે વાવણી માટેના બીજની ચકાસણીની ક્રિયા છે.

**૩) નાગપાંચમ :**

'શ્રાવણ સુદ પાંચમ તે 'નાંગ પાંચમ' ભગતની દ્રષ્ટિએ આ દિવસ અતિ મહત્વનો છે. આ દિવસે ઉપવાસ કરી સાંજે નાગરાજને દિવો પ્રગટાવી તેની આરાધના બાદ ઉપવાસ છોડવામાં આવે છે. આ દિવસે ખેતુ કામકાજ બંધ રાખવામાં આવે છે. નાગ પાંચમનો તહેવાર, 'અસારી' ભગોરા, બલાત, મેણાત, ખરાડી, બરંડા વગેરે જાતિના લોકો માને છે.

**૪) દશેરા અને દિવાળી :**

વાઘ–બારસ પહેલા આવતો દશેરા અને પછી આવતી દિવાળી 'અસારી', બલાત, ગામેતી, ભગોરા, ખરાડી વગેરે જાતિના લોકો આ તહેવાર ઉજવતા હોય છે. આમ, આદિવાસી જાતિઓમાં દિવાળી, હોળી, દશેરા, નાગપાંચમ, અખાત્રીજ, રક્ષાબંધન અને ઉતરાયણના તહેવારો મહત્વના ગણાય છે. આમ, તહેવાર જીવનમાં નીતિ–પાલન સમજાવે, દુઃખ ભુલાવે અને આનંદ આપે છે.

આમ, આદિવાસીઓમાં આ સિવાયના બીજા પણ કેટલાક તહેવારો છે.

## <u>સંદર્ભ</u>

ભીલોડા તાલુકાનો ઈતિહાસ, તાલુકા પંચાયત, ભીલોડા, સાબરકાંઠા

ISSN : 2321- 4708
July 2019, Year - 6 (75)
Paper ID : RRJ000010

અસારી જ્ઞાતિનો ઈતિહાસ, માહિતી ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગર.
જિલ્લા માહિતી કચેરી, જિલ્લા પંચાયત, ભીલોડા, સાબરકાંઠા
ભારતીય સામાજિક વ્યવસ્થા, પ્રો. એ.જી.શાહ, પ્રો. જે. કે. દવે